મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૬૭ ટકા

**ગાંધીનગર તાપમાન**

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'વેજીટેબલ ડે' સેલિબ્રેશન



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં 'વેજીટેબલ ડે' સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. નાનકડા ભૂલકાઓને દરેક પ્રકારના શાકભાજી- ફળો વિશેની ઓળખ મળી રહે તથા શાકભાજી તથા ફળોનું આહારમાં શું મહત્વ છે તે માહિતી પ્રદાન કરવા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા વેજીટેબલ ડે યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના શાકભાજી લઈને આવ્યા હતા તથા જે તે શાકભાજી તથા ફળોને અનુરૂપ કોસ્ચ્યુમ પણ પહેરીને આવ્યા હતા. અને તેના વિશે પોયમ તથા સ્પીચ પણ આપી હતી. દરેક વિદ્યાર્થીઓને શાકભાજી ખરીદવા જાય ત્યારે તેનો ભાવ તથા દરેક વિવિધ પ્રકારની શાકભાજીને સારી રીતે ઓળખી શકે તે રીતે શાળા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ફેકલ્ટી દ્વારા દરેક શાકભાજી તથા ફળોમાંથી મળતા વિટામિન્સ અને તેના મહત્વ વિશે બાળકોને સમજાવ્યું હતું. અને વિદ્યાર્થીઓએ વેજીટેબલ ડે સેલિબ્રેશન ખૂબ મન ભરીને માણ્યું હતું. શાકભાજી દિવસની ઉજવણી બાળકોને તેમના શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે નિયમિત આહારમાં શાકભાજીના મહત્વ અને વપરાશ વિશે શીખવવા માટે કરવામાં આવે છે. શિક્ષકે શાકભાજીના રંગો, નામ, ઉપયોગો, તે કેવી રીતે રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરે છે , અને શું કાચું ખાઈ શકાય અને કયું ન ખાઈ શકાય તે વિશે સમજાવ્યું. બાળકોને શાળામાં બનેલા શાકભાજી વિક્રેતા પાસેથી શાકભાજી ખરીદવાનું કહેવામાં આવ્યું હતું.

# આલમપુરમાં મહિલાઓને ફળ- શાકભાજીમાંથી બનતી વિવિધ બનાવટોની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૯

નાયબ બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા આલમપુર ગામ ખાતે ફળ અને શાકભાજીની જાળવણી કાર્યક્રમ હેઠળ પાંચ દિવસની મહિલા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૯ જેટલી મહિલાઓ સહભાગી બની હતી. તાલીમ મેળવનાર મહિલાઓને નાયબ બાગાયત નિયામક જે. આર. પટેલના હસ્તે તાલીમાર્થી બેનોને તાલીમનું સર્ટીફિકેટ અને તાલીમ સાહિત્ય આપવામાં આવ્યું હતું. ભારત સરકાર દ્વારા વડાપ્રધાનના કુપોષણ મુક્ત ભારતના સપનાને સાકાર કરવા પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસ સપ્ટેમ્બર-૨૦૨૨ની ઉજવણી નિમિત્તે નાયબ બાગાયત નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા આ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં ફળ અને શાકભાજી માંથી બનતી વિવિધ બનાવટો જેવી કે, સફરજન લીંબુનો સ્ક્વોશ, ટામેટા કેચપ, મિક્ષફ્રુટની ચટણી, મિક્ષફ્રુટ જામ, રીંગણ બટાટા અથાણું, ખજુરનું અથાણું, લીંબુ મરચાંનું અથાણું, ગાજર મરચાનું અથાણું, સફરજનનું અથાણું, આમળાનું અથાણુ, કોપરાની છીણના લાડુ, ખજૂરના લાડુ, કાજુ કારેલાનું અથાણું, આમળા જીંજર, લેમન જીંજર, દાડમ લીંબુનું શરબત, પાઈનેપલ સ્કવોશ, દાડમની જેલી, કાચા પપૈયાની તુટી ફ્રુટી બનાવવા અંગેની પ્રેક્ટિકલ સાથે કુલ ૬૯ મહીલાઓને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ મદદનીશ બાગાયત નિયામક, વૈશાલીબેન કેવડીયા, બાગાયત નિરીક્ષક, જે.પી.સોલંકી, તથા બાગાયત મદદનીશ, ચેતનાબેન ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.




# જન્મદિને વધામણી



**અતુલ અમીન**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૯ ૭૨૬૫૦



**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯




**હાર્દિક પ્રકાશભાઈ નાયી**
મો. ૭૯૮૪૨ ૬૨૧૮૯




**તરંગ જિતેન્દ્ર પરમાર**



**પૂજન સી ગોસ્વામી**
મો. ૯૩૭૫૦ ૨૮૭૯૯



**તરંગ પરમાર**



**દિપકભાઈ દવે**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**યશ એમ પટેલ**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**ઉજ્જવલ દરજી**
મો. ૭૨૮૪૦ ૧૨૯૬૦

# જે.બી.પ્રાથમિક શાળા દ્વારા ગાંધી આશ્રમ અને ત્રિમંદિર ખાતે શૈક્ષણિક મુલાકાત



ગાંધીનગર તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૬ના વિદ્યાર્થીઓએ સાબરમતી ગાંધી આશ્રમ, અડાલજની વાવ અને ત્રિમૂર્તિ મંદિરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન ગાંધી આશ્રમમાં પુસ્તકાલય, સંગ્રહાલય તથા ચરખાથી માહિતગાર બન્યા હતા. લતાબેન દ્વારા ગાંધીજીના જીવન ચરિત્ર તેમજ હસ્તલીખીત પત્રો વગેરેની માહિતી આપી હતી. અડાલજની વાવ અને અંતે દાદા ભગવાન ત્રિમૂર્તિ મંદિરમાં દર્શન કરી વિદ્યાર્થીઓએ આનંદ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ચંચળબા વાઘેલા પ્રા. વિદ્યાલય ખાતે શિક્ષક દિન ઉજવાયો



ગાંધીનગર તા.૯

બાશ્રી ચંચળબા પ્રતાપસિંહ વાઘેલા પ્રાથમિક વિદ્યાલય ખાતે ''શિક્ષક દિન''ની ધામધૂમ ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ૫૨ (બાવન) જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાનું વાતાવરણ આજે અનેરૂ આહલાદક હતું. નાવીન્યસભર વાતાવરણ અને નવીન શિક્ષકોએ પોતાની આગવી છટાથી પોતાનું શિક્ષણકાર્ય કર્યુ હતું. સેવકભાઈઓએ નિષ્ઠાપૂર્વક કર્તવ્યપાલન કર્યુ હતું. પ્રાર્થનાસભામાં નવીન આચાર્યાએ સૂચનો કર્યા હતા. અંતમાં કાર્યક્રમનો છેલ્લા પડાવમાં આચાર્યબેનને ઉદબોધન કર્યુ હતું. શાળાના શિક્ષક એકતાબા વાઘેલાના માર્ગદર્શનમાં ગાયત્રીબેન અને ચેતનાબેનના સાથ સહકાર અને કાર્યકલાથી સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયો હતો.



નવા કોબા ક્લસ્ટરની રાયસણ પ્રાથમિક શાળા અને જુના કોબા પ્રાથમિક શાળાનો ટ્વિનિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષકો અને બાળકોએ પોતાની પ્રતિભા અને શાળાની વિશેષ પ્રવૃત્તિઓનું આદાન પ્રદાન કર્યું હતું

## આજે સે-૩/સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૯

માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો રાજુબેન કે. ઠાકોર, પ્લોટ નં. ૧૪૭૨/૧, સે. ૩-સી તરફથી તા. ૧૦-૯-૨૦૨૨ને શનિવારના રોજ સે-૩/સીના શક્તિચોક મંદિરમાં સમય, બપોરે ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો રાખેલો છે. સર્વે ભાવિક ભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતું.

## ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સે-૮ના કુશ પ્રગ્નેશ પટેલ આ વર્ષે લેવાયેલ નીટ પરીક્ષામાં ૭૦૦માંથી ૬૭૪ ગુણ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ ૧૨૯૦મો ક્રમ હાંસલ કર્યો છે. ગાંધીનગરમાં તોજસ્વી



કુશ શહેરનું ગૌરવ બન્યો છે. સેન્ટ ઝેવિયર્સ સ્કુલનો વિદ્યાર્થી કુશના પિતા ડો.પ્રગ્નેશ પટેલ ગાંધીનગર મેડીકલ કોલેજના પેથોલોજીના વ્યાખ્યાતા તરીકે સેવા આપે છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં મોટીવેશનલ સ્પીચનું આયોજન



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં બાળકો માટે મોટીવેશનલ સ્પીકર કમલેશ રાવલ દ્વારા મોટીવેશનલ સ્પીચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિશોરાવસ્થામાં બાળકો સામે કેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અને તેનું નિવારણ કેવી રીતે થાય તેની સમજૂતી આપી. જીવન શા માટે જીવવું જરૂરી છે ? અને આપણા જીવનનું શું લક્ષ્ય છે ? ડર ઉપર જીત હાંસીલ કરવી. આપણા જીવનમાં હસવું શા માટે જરૂરી છે ? તેવી ઘણી બધી બાબતો ઉપર વિદ્યાર્થીઓને પ્રેરણાવચી શબ્દોથી પ્રભાવિત કરવામાં આવ્યા હતા. જેમાં શાળાના શિક્ષકો, બાળકોએ ભાગ લીધો હતો. શાળાના આચાર્ય દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામા આવ્યું હતું . જેમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સફળ પ્રસંગ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર પ્રો. રવિકુમાર અને એન્જીનિયરીંગના પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ એ વિદ્યાર્થીઓની સફળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ ધ્વારા સરકારી યોજનાઓની જાણકારી માટે તાલીમ



સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંસ્થા, ગાંધીનગર દ્વારા અરવલ્લી જીલ્લા ના ભિલોડા, ખીલોડા, પહાડીયા, નાના કંથારિયા અને મેઘરજમાં જરૂરિયાતમંદ મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને દિવ્યાંગ લોકોને સરળતાથી સરકારી યોજના મેળવી શકાય તેની યોગ્ય સમજ પૂરી પાડવાના આસયથી ૧ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં સંસ્થાના નિયામક ફાધર ઝેવિયર જેમ્સ તથા સંસ્થા નો સ્ટાફ અને ફિલ્ડનો સ્ટાફ હાજર રહ્યો હતો.



સેક્ટર-૫-એ ખાતે નિરૂબેન નાયક દ્વારા ૧૦૦૮ લાડુના પ્રસાદ દ્વારા ગણપતિજીનું પૂજન કરવામાં આવ્યું હતું. શુક્રવારે ગણેશજીનું પૂજન કરી ભક્તિ ભાવથી ગણપતિબાપાને વિદાય આપવામાં આવી હતી.

# સી.એમ.વિદ્યાલયનું ગૌરવ



સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આયોજીત દેશભક્તિ નૃત્ય ગીત સ્પર્ધામાં શેઠ સી એમ શાળાના વિદ્યાર્થીઓ બીજા નંબરે વિજેતા બનીને શાળાનું ગૌરવ વધાર્યુ છે આચાર્ય ડો.ચેતના અરુણ બુચે સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે આર્થરાઈટીઝનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી સ્વામિનારાયણ મંદિર સે. ૨ ગાંધીનગર ખાતે તા. ૧-૧૦-૨૨ થી તા. ૫-૧૦-૨૨ સુધી ઉજવવામાં આવનાર આચાર્ય વંદના મહોત્સવના ઉપલક્ષમાં તેમજ વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ નિમિત્તે આર્થરાઈટીઝ (ઘુંટણના ઘસારા)નો નિઃશુલ્ક કેમ્પ તા. ૧૧-૯-૨૨ને રવિવારે સવારે ૯ થી ૧૨ ભક્તિમાતા ભવન, શ્રી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨, ગાંધીનગર ખાતે યોજાવનાર છે. આ કાર્યક્રમનો લાભ લેવા જણાવાયુ છે.

# સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે નિઃશુલ્ક જાગૃતિ શિબિર

ગાંધીનગર, તા.૯

વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ નિમિત્તે, ભારતીય એસોસિએશન ઓફ ફિઝિયોથેરાપી-ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે અસ્થિવાનાં દર્દીઓ માટે નિઃશુલ્ક જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેનો સર્વેને લાભ લેવાનું જણાવાયું છે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.પરમાર વનિતાબેન અમૃતભાઈ ઉ.વ.૨૪, સેક્ટર-૬
- સ્વ.ઠાકર કલ્પના નરેશ ઉ.વ.૬૬, સેક્ટર-૧૯
- સ્વ.શાહ દીલીપકુમાર સાંકળચંદ ઉ.વ.૭૧, સેક્ટર-૨
- સ્વ.ઉપાધ્યાય સવિતાબેન ચંદુલાલ ઉ.વ.૭૯, સેક્ટર-૪
- સ્વ.સથવારા શાન્તાબેન બાબુભાઈ વાવોલ

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.સોની જશીબેન બબાભાઈ ઉ.વ.૯૦, કુડાસણ
- સ્વ.પનારા શશીકાન્ત પ્રહલાદભાઈ ઉ.વ.૭૧, સેક્ટર-૭
- સ્વ.ઠાકોર લક્ષ્મીબેન બચુજી ઉ.વ.૭૨, વાવોલ